RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 80 * Date: 08.01.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ મતદાન, ૮મીએ પરિણામ : એક જ તબક્કામાં મતદાન થશે



દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. પરિણામ ૮મી ફેબ્રુઆરીએ આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું હતું કે દેશની રાજધાનીમાં ૧.૫ કરોડ મતદારો માટે ૩૩ હજાર બૂથ બનાવવામાં આવ્યાં છે, જેમાં ૮૩.૪૯ લાખ પુરુષ અને ૭૯ લાખ મહિલા મતદાર છે. ૨ લાખ નવા મતદારો છે. ૮૩૦ મતદાર ૧૦૦ વર્ષથી વધુ ઉંમરના છે.આ પહેલાં મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ચૂંટણીપ્રક્રિયામાં ગેરરીતિના આરોપો પર ૩૦ મિનિટ સુધી તથ્યો સાથે સ્પષ્ટતા આપી હતી. તેમણે કહ્યું હતું કે ચૂંટણીમાં મતદારો વધારવાના અને ચોક્કસ વર્ગને નિશાન બનાવવાના આરોપો ખોટા છે. ચૂંટણીપ્રક્રિયા પૂરી થવામાં સમય લાગે છે. આ બધું એક નિશ્ચિત પ્રોટોકોલ હેઠળ થાય છે. આ વાત સમજાવવા માટે રાજીવ કુમારે પણ બે શાયરી વાંચી...૨૦૨૪માં સમગ્ર વિશ્વમાં ચૂંટણીઓ યોજાઈ હતી. ૮ રાજ્યમાં ચૂંટણી અને ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. અમે વિશ્વમાં સૌથી વધુ મતદાન કરવાનો રેકોર્ડ બનાવ્યો. હિંસામુક્ત ચૂંટણી અને મહિલાઓની ભાગીદારી માટે રેકોર્ડ બનાવવામાં આવ્યો હતો. અમે વધુ એક સીમાચિહ્ન હાંસલ કરવાના છીએ. અમે ૯૯ કરોડ મતદારને પાર કરી રહ્યા છીએ. આપણે એક અબજ મતદારો ધરાવતો દેશ બનવા જઈ રહ્યા છીએ. આ એક વર્લ્ડ રેકોર્ડ હશે. વિધાનસભાનો કાર્યકાળ ફેબ્રુઆરીમાં પૂરો થઈ રહ્યો છે. આ સિવાય મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર ૧૮ ફેબ્રુઆરીએ નિવૃત્ત થઈ રહ્યા છે, જેના કારણે ૧૮ ફેબ્રુઆરી પહેલાં ચૂંટણીપ્રક્રિયા પૂર્ણ થાય એવી શક્યતા છે.૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીની જાહેરાત ૬ જાન્યુઆરીએ કરવામાં આવી હતી. તમામ ૭૦ વિધાનસભા બેઠકો માટે ૮ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ એક જ તબક્કામાં મતદાન થયું હતું અને ૧૧ ફેબ્રુઆરીએ પરિણામ જાહેર કરવામાં આવ્યાં હતાં.૨૦૨૦માં આમ આદમી પાર્ટીને ૫૩.૫૭% મતોસાથે ૬૨ બેઠક મળી, જ્યારે ભાજપને ૮ બેઠક સહિત ૩૮.૫૧% મત મળ્યા હતા. કોંગ્રેસને ૪.૨૬% મત મળ્યા હતા, પરંતુ પાર્ટી પોતાનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ રહી હતી. ૨૦૧૫ની ચૂંટણીમાં પણ કોંગ્રેસને એકપણ બેઠક મળી ન હતી. કોંગ્રેસે અત્યારસુધીમાં ત્રણ યાદીમાં કુલ ૪૮ ઉમેદવારની જાહેરાત કરી છે. પાર્ટીએ સીએમ આતિશી સામે અલકા લાંબાને પોતાનાં ઉમેદવાર બનાવ્યાં છે, સાથે જ પૂર્વ સીએમ કેજરીવાલની સામે સંદીપ દીક્ષિતને ટિકિટ આપવામાં આવી છે.

## પાકિસ્તાની ગ્રૂમિંગ ગેંગ મુદ્દે મસ્કની બ્રિટિશ પીએમને જેલભેગા કરવાની માગ, સ્ટાર્મરનો જૂઠાણું ફેલાવ્યાનો દાવો



વિશ્વભરમાં ચર્ચિત બનેલો યુકેનો ચાઈલ્ડ ગ્રૂમિંગ ગેંગ્સ કેસમાં ટેસ્લાના માલિક અને ટોચના ધનિક બિઝનેસમેન ઈલોન મસ્કે બ્રિટનના વડાપ્રધાન પર આકરા આરોપો મૂકતાં તેમને જેલભેગા કરવાની માગ કરી છે. તો બીજી તરફ બ્રિટિશ પીએમ કીર સ્ટાર્મરે મસ્કના તમામ આરોપોને પાયાવિહોણા ગણાવી જૂઠાણું ફેલાવી રહ્યા હોવાનો આરોપ મૂક્યો છે.સ્ટાર્મરે એક પ્રેસ કોન્ફરન્સમાં મસ્કનું નામ લીધા વિના જણાવ્યું હતુ કે, 'લોકો ખોટી અને ભ્રામક માહિતી ફેલાવી રહ્યા છે. તેમને પીડિતો પ્રત્યે કોઈ લાગણી નથી, તેઓ માત્ર પોતાનું હિત જ વિચારે છે. ૨૦૦૮થી ૨૦૧૩ દરમિયાન હું પ્રોસિક્યુશન સર્વિસનો ડિરેક્ટર હતો. ત્યારે ગ્રૂમિંગ ગેંગ વિરૂદ્ધ પ્રથમ કેસ નોંધાયો હતો. મેં જે પણ કેસ હાથમાં લીધો છે, તેને કોર્ટ સુધી પહોંચાડ્યો છે અને જરૂરી કાર્યવાહી પણ કરાવી છે. કેટલીક બંધ ફાઈલો મેં ફરી ખોલાવી છે, તપાસ કરાવી છે.'ઈલોન મસ્કે ચાઈલ્ડ ગ્રૂમિંગ ગેંગ્સ મામલે લેબર પાર્ટીની સરકાર પર પણ પ્રહારો કર્યા છે. મસ્કે કહ્યું કે, સ્ટાર્મર ગ્રૂમિંગ ગેંગ્સ કેસનો તપાસ કરી રહેલી કમિટીના અધ્યક્ષ હોવાથી તેમણે આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવા મંજૂરી આપી ન હતી. વધુમાં મસ્કે બ્રિટનના કિંગ ચાર્લ્સ સમક્ષ સ્ટાર્મરને પીએમ પદેથી બરતરફ કરી જેલ મોકલવાની માગ કરી હતી.યુકેમાં સગીરાઓના અપહરણ, નાણાંની લાલચ, ડ્રગ્સ અને બ્રેઈન વોશ કરી ફસાવી દુષ્કર્મ આચરવામાં આવી રહ્યું હતું. બાળ તસ્કરી અને ધાક-ધમકીના કિસ્સા પણ વધ્યા હતી. ૨૦૦૧માં અંગ્રેજ સગીરાઓ ગ્રૂમિંગ અને દુષ્કર્મનો ભોગ બની રહી હોવાની જાણ થઈ હતી. પરંતુ આ કેસના આરોપીઓ ૨૦૧૦માં પકડ્યા હતાં. પાંચ પાકિસ્તાનીઓ વિરૂદ્ધ ૧૨ કે તેથી વધુ વર્ષની અનેક સગીરાઓ પર અત્યાચાર-દુષ્કર્મ અને બાળ તસ્કરી કરી રહ્યા હોવાના વિવિધ આરોપો મૂકાયા હતા. આ પેટર્ન યુકેના ૫૦થી વધુ શહેરોમાં જોવા મળી હતી. પાકિસ્તાન મૂળની અમુક ગેંગ્સ આ પ્રકારનું રેકેટ ચલાવી રહી હતી. ૨૦૨૨માં અમુક પીડિતાઓ દુનિયા સમક્ષ આવી પાકિસ્તાન મૂળ ગેંગ્સ દ્વારા ગ્રૂમિંગ રેકેટ ચલાવી રહ્યા હોવાનો આરોપ મૂક્યો હતો.પ્રો.એલેક્સ જે કમિટીના રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે, ૧૯૯૭થી ૨૦૧૩ દરમિયાન ૧૪૦૦થી વધુ સગીરાઓનું યૌન શોષણ થયુ હતું. જેમાં મોટાભાગની વય ૧૧ વર્ષની હતી. તમામ આરોપીઓ પાકિસ્તાની મૂળના હતાં. ઈંગ્લેન્ડમાં બાળ તસ્કરી, યૌન શોષણના કિસ્સા હજી પણ બની રહ્યા છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, ૨૦૧૭થી ૨૦૨૨ દરમિયાન ૧૫૦૦૦થી વધુ બાળકો પર જાતિય શોષણનું જોખમ રહ્યું હતું. છેલ્લા ચાર દાયકાથી ૧૦૦૦થી વધુ બાળકીઓ દુષ્કર્મનો ભોગ બની હતી.

## કાશ્મીરના ગુલમર્ગમાં ૨ ફૂટ હિમવર્ષા બાદ હિમપ્રપાતઃ યુપી-બિહાર સહિત ૧૬ રાજ્યોમાં ગાઢ ધુમ્મસ



જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગમાં મંગળવારે સવારે હિમપ્રપાત થયું હતું. અગાઉ આ વિસ્તારમાં ૨ ફૂટ સુધી હિમવર્ષા પડી હતી. હાલમાં હિમપ્રપાતને કારણે કોઈ નુકસાન થયું હોવાની માહિતી નથી.ગુલમર્ગ ઉપરાંત જમ્મુ-કાશ્મીરના અનેક જિલ્લાઓમાં હિમવર્ષા થઈ હતી. જેના કારણે મુગલ રોડ, શ્રીનગર-લેહ રોડ, સેમથાન-કિશ્તવાર રોડ અને ગુરેઝ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો હતો.હવામાન વિભાગના જણાવ્યા મુજબ અહીં ૨ થી ૩ દિવસ સુધી હિમવર્ષાની શક્યતા છે. બીજી તરફ હિમવર્ષાની સાથે હિમાચલ પ્રદેશમાં પણ વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પંજાબ, જમ્મુ, ઉત્તર પ્રદેશ અને બિહારના કેટલાક જિલ્લાઓમાં વિઝિબિલિટી ઘટીને ઝીરો થઈ ગઈ છે. જેના કારણે ઘણી ફ્લાઈટ્સ મોડી પડી હતી. ટ્રેનો પણ સમયસર સ્ટેશનો પર પહોંચી શકી નથી.એરલાઈન કંપની સ્પાઈસજેટના જણાવ્યા અનુસાર મંગળવારે પણ દિલ્હી, શ્રીનગર, વારાણસી અમૃતસર અને જમ્મુ એરપોર્ટ પર સ્પાઈસ જેટની ફ્લાઈટ્સ મોડી પડી શકે છે.ઉત્તર પ્રદેશમાં ઠંડીના કારણે છેલ્લા ૪૮ કલાકમાં ૨૫ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ના મોત થયા છે. કટિહાર અને પૂર્ણિયા સહિત બિહારના ૨૦ જિલ્લામાં કોલ્ડવેવ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.રાજસ્થાનમાં પણ આગામી ૩ દિવસ ઠંડા પવનોની અસર રહેશે. આજે રાજ્યના ૬ જિલ્લામાં કોલ્ડવેવ એલર્ટ આપવામાં આવ્યું છે. ઘણા જિલ્લાઓમાં શાળાઓમાં રજા પણ જાહેર કરવામાં આવી છે.જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગ અને સોનમર્ગમાં લગભગ ૨ ફૂટ હિમવર્ષા થઈ છે.

## જેલમાંથી બહાર આવશે આસારામઃ સુપ્રીમ કોર્ટે આપ્યા જામીન, આ શરતોનું કરવું પડશે પાલન



સુપ્રીમ કોર્ટે મંગળવારે (૭ જાન્યુઆરી) દુષ્કર્મ કેસમાં આસારામને વચગાળાના જામીન આપ્યા છે. ૨૦૧૩ના દુષ્કર્મના કેસને લઈને સ્વાસ્થ્યના આધારે રાહત આપવામાં આવી છે. આસારામને ૩૧ માર્ચ સુધીના વચગાળાના જામીન આપવામાં આવ્યા છે. આ સાથે જ કોર્ટે આસારામને નિર્દેશ કર્યો છે કે, તે વચગાળાના જામીન પર જેલમાંથી બહાર આવ્યા બાદ પોતાના અનુયાયીઓને નહીં મળે.સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'આસારામને ત્રણ પોલીસકર્મીઓની એસ્કોર્ટ આપવામાં આવશે. તેમાં એવી શરત રહેશે કે, તે પુરાવા સાથે ચેડાં નહીં કરે. ઉપરાંત, તેને પોતાના અનુયાયીઓને સામૂહિક રૂપે મળવાની મંજૂરી નહીં મળે.' નોંધનીય છે કે, આ નિર્ણય ગુજરાતમાં આસારામ દુષ્કર્મ કેસ સાથે સંબંધિત છે. જેમાં તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. જોકે, રાજસ્થાનમાં નોંધાયેલા કેસ મામલે તે હજુ પણ કસ્ટડીમાં છે. જાન્યુઆરી ૨૦૨૩માં આસારામને ૨૦૧૩ના દુષ્કર્મ કેસમાં સેશન્સ કોર્ટે ગુનેગાર જાહેર કર્યો હતો. આ મામલો એક મહિલાએ નોંધાવ્યો હતો. જે આ અપરાધ સમયે ગાંધીનગર પાસેના આશ્રમમાં રહેતી હતી.

## ભુજના કંઢેરાઈ ગામે બોરવેલમાં ફસાયેલી યુવતીએ લીધા અંતિમ શ્વાસ, મૃતદેહ બોરવેલમાં ફૂલી ગયો



ભુજમાં સોમવારે (છઠ્ઠી જાન્યુઆરી) રાજ્યભરમાં ચકચારી મચી જાય તેવી ઘટના બની હતી. કંઢેરાઈ ગામે સોમવારે વહેલી સવારે ૨૧ વર્ષીય ઈન્દિરા મીણા નામની યુવતી ૫૦૦ ફૂટ ઊંડા બોરવેલમાં ગરકાવ થઈ હતી. જો કે, આ યુવતી જીદગીની જંગ હારી ગઈ છે. હાલ ફાયર બ્રિગેડ સહિતની વિવિધ રેસ્ક્યુ ટીમ દ્વારા યુવતીનો મૃતદેહ બહાર કાઢવામાં આવી રહ્યો છે.મળતી માહિતી અનુસાર, બોરવેલમાં ફસાયેલી ૨૧ વર્ષીય ઈન્દિરા મીણાનું રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. રેસક્યુ દરમિયાન મૃતદેહને બોરવેલમાંથી ૩૦૦ ફૂટ ઉપર આવ્યા બાદ ફરી નીચે પટકાયો હતો. જોકે યુવતીના મૃતદેહને બહાર કાઢવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. નોંધનીય છે કે, મૃતદેહ ફૂલી જવાથી મૃતદેહ બહાર કાઢવામાં સફળતા મળી નથી.ભુજ તાલુકાના કંઢેરાઈ ગામે સોમવાર વહેલી સવારે કાનજી મીણા નામની ખેત મજૂર યુવતી વાડીના ૫૦૦ ફૂટ ઊંડા ખુલ્લા બોરવેલમાં પડી ગઈ હતી. યુવતી અકસ્માતે પડી છે કે આત્મઘાતી પગલું ભર્યું છે તે હજુ બહાર આવ્યું નથી.રાજસ્થાનના પ્રતાપગઢની અને હાલ પિતરાઈ ભાઈ સાથે ભુજ તાલુકાના કંઢેરાઈ ગામમાં છેલ્લા છથી આઠ વર્ષથી વાડીમાં રહીને ખેત મજૂરીનું કામ કરતી યુવતી સોમવારે વહેલી સવારે સવા પાંચ વાગ્યાના અરસામાં નિત્યક્રમ કરવા માટે બહેન સાથે નીકળી હતી. યુવતી ઘરે પરત ન આવતા તપાસ દરમિયાન વાડીમાં આવેલા ૫૦૦ ફૂટ ઊંડા ખુલ્લા બોરમાંથી યુવતીનો બચાવો-બચાવોનો અવાજ સંભળાયો હતો. જેથી યુવતીના ભાઈએ વાડીના માલિકને જાણ કરી હતી. તે બાદ પોલીસને જાણ કરવામાં આવતા રેસક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

તંત્રી લેખ....

# વાઈરસનું ઓવર રિએક્શનઃ એક જ દિવસમાં રૂ.૧૧ લાખ કરોડ'ભરખી' ગયો

ચાઈનામાં ફેલાયેલો કોરોના જેવો એચએમપીવી વાઈરસની ભારતમાં એન્ટ્રી થઈ જતાં અને કર્ણાટક, ગુજરાત સહિતના રાજયોમાં કેસો નોંધાતાં કેન્દ્ર અને રાજય સરકારો એલર્ટ મોડમાં આવી જતાં આ વાઈરસનું આજે શેર બજારોમાં પણ ઓવર રિએક્શન જોવાયું હતું. વૈશ્વિક બજારો પર આ વાઈરસ સંબંધિત સમાચારની ખાસ અસર જોવાયાથી વિપરીત ભારતીય શેર બજારોમાં ઓવર રિએક્શને ગાબડાં પાડવામાં આવ્યા હતા.એચએમપીવી વાઈરસ એટલો ઘાતક નહીં હોવાના અને તકેદારીથી એનું સંક્રમણ નીવારી શકાય એમ હોવાના તબીબી નિષ્ણાંતોના અભિપ્રાય છતાં કોરોના મહામારીના સમયની જેમ આ વખતે પણ ભારતીય શેર બજારોમાં ફંડો, મંદીના મોટા ખેલાડીઓ મોકો જોઈ આ વાઈરસનો હાઉ ફેલાવવામાં સફળ થઈ જતાં આ વાઈરસનો હાઉ શેરોમાં એક જ દિવસમાં રોકાણકારોની રૂ.૧૧ લાખ કરોડની સંપતિ ભરખી ગયો હતો. શેરોમાં જાતેજાતમાં હેમરીગ થતાં અને જાણે કે શેરો પડાવવા આ ગભરાટ ફેલાવીને હેમરીગ થતું હોય એમ આજે સાર્વત્રિક કડાકો બોલાવાયો હતો. સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપ સહિતના શેરોમાં મોટા ગાબડાં પડયા હતા.

સેન્સેક્સ ૧૨૫૮.૧૨ પોઈન્ટ તૂટીને ૭૭૯૬૪.૯૯ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૩૮૮.૭૦ પોઈન્ટ ગબડીને ૨૩૬૧૬.૦૫ બંધ રહ્યા હતા.કેપિટલ ગુડઝ શેરોમાં આજે મોટાપાયે હેમરીગ થતાં બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૧૬૮૯.૨૫ પોઈન્ટ તૂટીને ૬૬૫૨૧.૯૬ બંધ રહ્યો હતો. આઈનોક્સ વિન્ડ રૂ.૧૨.૨૦ તૂટીને રૂ.૧૭૨.૬૫, એનબીસીસી રૂ.૪.૭૧ તૂટીને રૂ.૮૭.૮૪, રેલ વિકાસ નિગમ રૂ.૨૧.૭૫ તૂટીને રૂ.૪૧૦.૨૦, સુઝલોન એનર્જી રૂ.૩.૦૮ તૂટીને રૂ.૫૮.૮૮, ભેલ રૂ.૧૦.૧૫ તૂટીને રૂ.૨૧૯.૮૦, કેઈન્સ રૂ.૩૭૪.૩૦ તૂટીને રૂ.૭૧૬૮.૭૫, કાર્બોરેન્ડમ યુનિવર્સલ રૂ.૪૭.૨૫ તૂટીને રૂ.૧૨૫૪, કલ્પતરૂ પાવર રૂ.૪૩.૪૫ તૂટીને રૂ.૧૨૩૬.૬૦,લક્ષ્મી મશીન વર્કસ રૂ.૫૧૦.૨૦ તૂટીને રૂ.૧૬,૩૨૯.૯૫, ટીટાગ્રહ વેગન રૂ.૩૧.૩૫ તૂટીને રૂ.૧૦૮૭.૦૫, ફિનોલેક્ષ કેબલ્સ રૂ.૪૫.૫૫ તૂટીને રૂ.૧૧૦૯.૦૫, એબીબી ઈન્ડિયા રૂ.૧૭૩.૪૫ તૂટીને રૂ.૬૬૧૮.૮૫, પાવર ગ્રીડ કોર્પોરેશન રૂ.૩૧૮.૪૦ તૂટીને રૂ.૧૪,૮૦૫.૪૦ રહ્યા હતા.ઓટોમોબાઈલ કંપનીઓના શેરોમાં પણ ફંડોએ આજે મોટાપાયે હેમરીગ કરતાં સાર્વત્રિક ગાબડાં પડયા હતા.





તારીખ ૫ ૧ ૨૫ થી રવિવારે સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા મંડળ દ્વારા આનંદ મેળા નું આયોજન કરવામાં આવ્યું તેમાં મુખ્ય મહેમાન ડોક્ટર નૈનેશ ભાઈ પાઠક,પ્રવિણસિંહ વિહોલ અને વીણા બેન ઠાકરે હાજરી આપી હતી આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખશ્રી નીનાબેન ભટ્ટ ,મંત્રી મોનાબેન વ્યાસ અને કારોબારી સભ્યોએ ખૂબ મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજના બ્રહ્મ અગ્રણીઓ પ્રફુલભાઈ વ્યાસ ,અતુલભાઈ દીક્ષિત સર્વાનંદભાઈ ભટ્ટ, મનોજ ભાઈ પુરોહિત,મુકેશભાઈ જાની, ભરતભાઈ ભટ્ટ, જયંતભાઈ જોશી હાજર રહ્યા હતા.

## ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ૨૦૦ બહેનોને સર્વાઇકલ કેન્સરની મફતમાં રસી આપવામાં આવી



શ્રી કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગર દ્વારા સર્વાઈકલ કેન્સરની રસી આપવાનો કાર્યક્રમ તાજેતરમાં સેક્ટર:૧૨ ખાતે આવેલ ઉમા સમાજ ભવન ખાતે યોજાયો. ઘણી મહિલાઓમાં ગર્ભાશય અને સ્તન કેન્સર જોવા મળે છે અને આનું પ્રમાણ વધતું જાય છે. ભવિષ્યમાં આ પ્રકારની શારીરિક સમસ્યાઓ ન થાય તે સારૂ સર્વાઈકલ કેન્સર વિરોધી રસી લેવામાં આવતી હોય છે. ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા સમાજની બહેનોને મફતમાં રસી આપવા માટે ઓન લાઇન રજિસ્ટ્રેશન કરવામાં આવેલ જેમાં ૫૪૦ બહેનોએ રજીસ્ટ્રેશન કરેલ. જેમાંથી ૧૧ વર્ષથી લઈ ૨૫ વર્ષ સુધીની ઉંમરના કુંવારી ૨૦૦ દીકરીઓને રસી માટે પસંદ કરવામાં આવી હતી.

ઉમિયા સંસ્થાન ખાતે યોજાયેલ રસીકરણના કાર્યક્રમમાં ડૉ. નીતાબેન શેખાત, ડૉ.દીપ પટેલ, ડૉ.પ્રકાશ પટેલ અને તેમના ૧૦ જેટલા નર્સિંગ સ્ટાફે સેવાઓ આપી હતી. ઉમિયા માતાજી સંસ્થાનના મહિલા વિભાગ વિભાગની બહેનો સેવામાં જોડાઈ હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા વિભાગના ચેરમેન સુધા પટેલ, સાંસ્કૃતિક વિભાગના ચેરમેન ડૉ.અનિલ પટેલ, યુવા વિભાગના ચેરમેન અજય પટેલ,ઋષિ પટેલ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરેલ. સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન જશુભાઈ પટેલ અને સંસ્થાના હોદેદારશ્રીઓનો પુરા સહયોગ થકી વેક્સિન આપવાનો કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## ભારત વિકાસ પરિષદ હિંમતનગર શાખા દ્વારા હિંમતનગર ખાતે લગ્નગીતોત્સવ યોજાયો





ભારત વિકાસ પરિષદના મુખ્ય પાંચ સુત્રો પૈકી સંસ્કાર-પ્રકલ્પ અંતર્ગત આપણી હિન્દુ સંસ્કૃતિ પરંપરામાં ઘરમા લગ્ન હોય ત્યારે પરિવાર અને સગા સંબંધી મહિલાઓ ભેગા મળી દરેક વિધિ અનુસાર લગ્ન ગીતો ગાવાની લુપ્ત થતી પરંપરા બચાવવા દર વર્ષે આપણી લગ્નગીતોત્સવનું આયોજન કરીએ છીએ જેમાં આ વર્ષે લગ્નગીતોત્સવ નું આયોજન ઉમીયા સમાજ વાડી હિંમતનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરમાંથી ૧૩ ટીમોની ૮૫ બહેનોએ ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મનીષભાઈ કીમતાની,પ્રાંતમાંથી ધર્મેન્દ્રભાઈ પંડ્યા, નિકેશભાઈ સંખેસરા, ડૉ.મુકેશભાઈ મોદી,નીપાબેન કડિયા, ભારત વિકાસ પરિષદના પ્રમુખ પ્રવિણ પટેલ,મંત્રી પરીનભાઈ શાહ,ઉપપ્રમુખ જીતુભાઈ સોની,જીગ્નેશભાઈ પટેલ,ખજાનચી અલ્પેશભાઈ સોની, મહિલા સંયોજિકા અર્ચનાબેન ભટ્ટ, સહ સંયોજિકા અરૂણાબેન કડિયા, બેલાબેન શાહ તેમજ ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન અંકુરભાઈ સોની દ્વારા કરવામાં આવ્યું..

# ખરેખર સરકાર કામ કરતી નથી??સાત પુરાવા વાંચો અને નક્કી કરો

કેટલાક લોકો ટીકા કરવા જન્મ્યા હોય છે. કોઈની ટીકા ન કરે તો કોળિયો ગળે ન ઉતરે?? કોના ગળે ન ઉતરે એવો સિલી સવાલ તમે પૂછવાના હતા એની મને ખબર છે. જે ટીકાકાર છે તેના ગળે કોળિયો ન ઉતરે.,મારા કે તમારા ગળા કયાં સાંકડા છે?? આપણા ગળા તો આખું તરબૂચ ગળે ઉતારી શકે તેવા નેશનલ હાઇ વે જેટલા સાંકડા છે. આ લોકો ઉઠતાવેંત ટીકાનો મારો હમાસે ઈઝરાયેલ પર છોડેલ રોકેટ જેમ ચલાવે છે. સાહેબ ભાષણજીવી છે તેમ ટીકાકારો ટીકાજીવી છે. અલબત, કોરોના સમયે કોરોનાના

ટીકા કે રસી લીધેલ ન હતા એ અલગ વાત છે!!

લોકો એમ કહે છે કે ઈસ્લામની જેમ મિડીયા ખતરેમેં હૈ. મિડિયા ચિલ્લાવવા, પ્રાઈમ ટાઈમમાં ડિબેટમાં વિપક્ષોને ગાળો બોલવા, અર્નબ જેવા ખુલ્લેઆમ મુજે ડ્રગ ચાહિયે જેવું ઓન એર બોલે છે. આપણે સરકારને સવાલો ન કરવા કહીએ છીએ . વિપક્ષોના છોતરા કાઢવાની કયા ના પાડીએ છીએ. એ માટે ભરપૂર જાહેરાતો આપી ચોથા સ્તંભનું રક્ષણ કરીએ છીએ. એક સંસ્થા ફ્રીડમ ઓફ પ્રેસ ઈન્ડેકસમાં આપણો નંબર એકસો એકસઠમા છે તેમ કહે છે!! એકસો એકસઠમો તો નંબર છે ને?? ન નંબર હોય તો પણ સરકારને કોસવાની? ચત ભી મેરી પટ ભી મેરી? શિંગડે પકડીએ ખાંડા અને પૂંછડી પકડીએ તો બાંડા એ ક્યાંનો ન્યાય? અંધેરી નગરીને ગંડું રાજાનું શાસન સમજો છો. તો સાચું સમજો છો!!!

સરકારની ટીકા કોણ કરે એવી કોમ્પિટિશન યોજાય તો પહેલો નંબર કોનો આવે?? વિપક્ષો બાજી મારી જાય? રામ રામ ભજો. મિડીયા ચેમ્પિયન બંને? મિડીયા આ તાકાત ગુમાવી ચુકયું છે. હવે મિડીયા માટે ગોદી કે ખોળા માધ્યમો એવો ખુલ્મખુલ્લા ઉલ્લેખ થાય છે! બુધ્ધિજીવી કે કર્નશીલો?? એના પાટિયા પડી જાય એવી સુખદ સ્થિતિ છે! સરકારમાં રહેલા લોકો સપકારની ટીકા કરવામાં મોખરે રહે છે. સરકારની નોકરીમાં રહેનાર આમ નાગરિક નથી એવું સરકાર માને છે.,અર્થાત્ બાબુલોગ સરકારની ટીકા કરી શકે નહીં! પરંતું, તુમ કયાં જાનો ચપટીનો ટીકા કી કિંમત? સરકારી કર્મચારી સરકારમાં રહી સરકારની ખુલ્લેઆમ ટીકા કરે છે ત્યારે તેને પત્નીના બેડરૂમમાં બેસી પ્રેમિકાને લવલેટર લખ્યાની ફિલ અને થ્રીલ આવે છે!!!

લોકો ટીકા કરે છે કે ગરીબો વધે છે. અરે,ભાઈજાન સાથે અમીરો વધે છે એનો સ્વીકાર કરો. કેટલાક મિત્રરો જગતના ધનવાનની યાદીમાં વધતા ઘટતા ક્રમે ફેવિકોલની જેમ ચિટકયા છે!! દર વરસે લાખો વિદ્યાર્થીઓ સિસ્ટમથી કંટાળી ઉજ્જવલ ભવિષ્ય માટે દેશ છોડે છે. જેનાથી બ્રેઈન ડ્રેઈન સર્જાય છે.અરે, બ્રો દેશના અરબપતિ અમીરો હજારોની સંખ્યામાં દેશ છોડીને અમીર-ગરીબ વચ્ચેની ખાઇ ઘટાડે છે તેનો આનંદ મનાવો!! બાળમરણ,બેરોજગારી, ખનિજોની ચોરી-ગેરકાયદે ઉત્ખનન, ચાઈનીઝ પ્રોડકટ જેવા રસ્તા- પુલો વગેરે અંગે હોબાળો શું કામ મચાવો છો?? નામ તેનો નાશ. કીર્તિના કોટડા અમર છે.જી-૨૦ અધિવેશન,નવી સંસદનું નિર્માણ, રાજપથનું કર્તવ્યપથમાં ટ્રાન્સફોર્મેશન, જૂના કોલોનિયકલ ચિન્હોની નાબૂદી સાથે નવાનું આગમન, ચૂંટણીમાં જીતની ગેરંટી-વોરંટી અંગે ગૌષ્ઠિ, ચર્ચા , સેમિનાર વર્કશોપ,રોડ શો, વાર્તાલાપ,ક્રિયાકલાપ, આલાપવિલાપ,રૂદન ,પુણ્ય પ્રકોપ અરણ્યરુદન કરો. કઈ અદાલત મનાઈહુકમ ફરમાવે છે??

સરકાર કામ કરતી નથી. સરકારમાં અરજીઓના ખડકલા છે, રેડટેપિઝમ છે, આગ લાગે તેને બુઝાવે છે વગેરે. કામગીરી દેખાડવા પહેલા આગ લગાડીએ અને પછી આગ બુઝાવીએ એ સારૂ થોડું લાગશે?? કોણ કહે છે સરકાર કામ કરતી નથી?? તમને પુરાવા જોઈએ છે?? ઓકે બાબા. લો પુરાવા!!

પુરાવો-૧

રાજસ્થાનનું ભીલવાડા શૂટિંગ-શર્ટિંગના કાપડ માટે પ્રખ્યાત છે. ભીલવાડાના કિશન ગોપાલ છાપરવાલ સ્ટેશનરીની દુકાન ચલાવે છે અને ફોટોગ્રાફી કરે છે. મહિને આઠ હજાર - દસ હજારની જંગી કમાણી કરે છે!!એટલે ઈન્કમટેકસ ડીપાર્ટમેન્ટે આવ ન જોયો ,તાવ ન જોયો અને કીડીને કોશનો ડામ દઈ દીધો. દ્રૌપદીના ચીરહરણ પ્રસંગે કિશન કનૈયાએ દ્રૌપદીના ચીર પૂરેલા. કિશનને ઈન્કમટેકસવાળાઓએ માત્ર બાર લાખ રૂપિયા એટલે ચણા મમરાનો ટેકસ ભરવા નોટીસ આપી છે. કિશનની મદદ કિશન કનૈયા કરે છે કે ભગવાન શ્રી રામ તે જોવાનું રહ્યું.

પુરાવો-૨

વડોદરાના શાંતિલાલ મનપા કચેરીમાં સફાઇ કામદાર છે. તેના અજ્ઞાત મને શાંતિલાલની જાણ બહાર અલકાપુરીમાં પ્રોપર્ટી ખરીદી નાંખી. દાન જ ગુપ્ત હોય એવું થોડું હોય? ડાબા હાથે પ્રોપર્ટી ખરીદ કરો તો જમણા હાથને ખબર ન પડે તે રીતે ગુપ્ત રાહે પ્રોપર્ટી ખરીદવી પડે!!પાપ અને બાપ છાપરે ચડી પોકારે તેમ રહેવાય છે. જેમાં મિલકત ખરીદી પણ ઉમેરવાનો તકાજો આવી ગયો છે!! શાંતિલાલને રૂપિયા સોળ કરોડ ભરવા નહીંતર મિલકત ખાલસા કરવા મામલતદારે નોટીસ આપી!!આ મિલકત પર કોઇ મોરલાએ બેંકમાંથી લોન લીધી. બેંક તરફથી લોન ભરવા નોટીસ પણ અપાઇ નહી.શાંતિલાલની શાંતિ અશાંતિમાં તબદીલ થઇ ગઇ!!

પુરાવો-૩

સુરત શહેરમાં મસ્જિદની પાસે પગપાળા ફરી વેચતા આસામીએ ૨૦૧૮-૧૯માં અઠાવીસ કરોડના અંતરની નિકાસ કરી નાંખી તેવી ઈન્કમટેકસની શંકા થઇ. ઈન્કમટેકસે અઠાવીસ કરોડ રૂપિયાનો ટેકસ ભરવા નોટીસ આપતા વેપારીના પગ નીચેની જમીન સરકી ગઇ.!!વેપારીના વકીલ નોટીસને ફ્રોડ માને છે.,સીએ આ રકમ ભર્યા પછી અપીલ થઇ શકે તેમ કહે છે.અત્યારે વેપારી અંતરનો ધંધો

બંધ કરી ધંધે લાગી ગયો છે!!

પુરાવો-૪

રવિ ગુપ્તા મધ્યપ્રદેશના ભીડનો રહેવાસી છે.તે બીપીઓમાં સાત હજારના પગારે નોકરી કરતો હતો. તેના પર ખુદાએ છપ્પર ફાડીને એકસો તેર કરોડનો ટેકસ ભરવાની નોટીસ દઇ દીધી. દર વખતે ખુદા રૂપિયા જ મોકલે તેવું જરૂરી થોડું છે??રવિ ગુપ્તાએ નોટીસ અંગે જુદી જુદી એજન્સીને ફરિયાદ કરી. રિઝર્વ બેંકે પણ ગુપ્તાને કલિન ચીટ આપેલ. છતાં, એકસો તેર કરોડની નોટીસ અપાવામાં આવી! હવે ગુપ્તા આયા પહાડ પર. રવિભાઇ, ઈન્કમટેકસ ભરીને રાષ્ટ્ર નિર્માણમાં સહયોગ આપો!!

પુરાવા-૫

કર્ણાટકના ભાગ્યનગરમાં ગિરિજા અમ્મા નામની નેવું વરસની વૃધ્ધા ઝૂંપડપટીમાં રહે છે.ગિરિજા અમ્માને સરકારી યોજના હેઠળ ઝૂંપડામા લાઇટ કનેકશન મળેલ છે. જેનું એવરેજ બિલ સિત્તેર -નેવું રૂપિયા વચ્ચે આવે છે. ગિરિજા અમ્માને મે મહિનાનું લાઇટબીલ આવતા વગર કરંટે ચારસો ચાલીસનો કરંટ લાગ્યો! તમને પણ કરંટ લાગશે. ગિરિજા અમ્માને એક લાખ ત્રણ હજાર બસો પંદર રૂપિયાનું પરચૂરણ બિલ આવ્યું.આ બિલ તેના એકહજાર ચારસો ચુંમોતેર મહિનાના બિલ જેટલું છે!!

પુરાવો-૬

યુપીમાં ગુપ્તા નામની વ્યક્તિને વીજકંપનીએ ૩૪૧૮૦૦૯૮૭૦૦ રૂપિયાનું લાઇટબીલ મોકલ્યું. ગુપ્તાએ ફરિયાદ કરી. ફરિયાદ સેલે ગુપ્તાને બિલની અડધી રકમ ભરીને અપીલ કરવાની સલાહ આપવામાં આવી!

પુરાવો -૭

રાજસ્થાનના બુંદી જીલ્લાના હિન્ડોલી ખાતેના જંગલમાંથી ઓગણીસ સો સાંઠની સાલમાં બાપ મહિલાઓએ લાકડા કાપવાનો રાષ્ટ્રદ્રોહ પ્રકારનો જઘન્ય અપરાધ કરેલ. દેવડીએ દંડાય છે ચોર મુઠી જારના ને લાખો લૂટનારાઓ મહેફિલે મંડાય છે એમ ગુજરાતી શાયર કહી ગયા છે. તમામ સામે ફરિયાદ કરાઇ તપાસ દરમિયાન ત્રણ તહેમતદારીણી ( તહોમતદારનું સ્ત્રી લિંગ તહોમતદારીણી થાય!) સ્વર્ગે સિધાર ગઇ. ચોરી કરી તે સમયે યુવતી હતી. કાર્યદક્ષ અને કાર્યક્ષમ પોલીસે અડધી સદીના વાજબી વિલંબના અંતે સાત મહિલા આરોપણની ધરપકડ કરવાનું ગેલેન્ટરી કાર્ય કર્યું. એ તમામ મહિલાને લાકડીના ટેકે કે પુત્રોના સહારે કોર્ટમાં હાજર કરાઇ. પોલીસને આ કામગીરી માટે મેડલ દેના બનતા હૈ, ભીડું!!

સરકારની કામગીરીનો વિરોધ કરનાર વાંકા વિરોધીના મોઢા બંધ કરવા આટલા પિરાવા પૂરતા છે કે એકલવ્યની માફક તીર છોડી મોઢું ભરત વૈષ્ણવ

## વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા ધર્માંતરણ વિરોધમાં મહારેલી અને આવેદનપત્ર આપવામાં આવ્યું

ખેડબ્રહ્મા કાશી વિશ્વનાથ મહાદેવના મંદિર ખાતે વિશાળ સંખ્યામાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના કાર્યકર્તાઓ નો મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫૧ થી વધુ કાર્યકર્તાઓને ત્રિશૂળ દીક્ષા સમારંભ યોજવામાં આવ્યો હતો તેમાં ખેડબ્રહ્મા પોશીના વિજયનગર વિસ્તારમાં લોકોને લોભ લાલચ આપી ધર્માત્રણ કરાવતા લોકો પર કાર્યવાહી કરવામાં આવે અને ખેડબ્રહ્મા તાલુકાના પઢારા,ધરોઈ, પાણાઈ વિસ્તારમાં ગેરકાયદેસર ચર્ચોને દૂર કરવામાં આવે અને પોશીના તાલુકાના સેબલિયા ચોલીયા દંત્રાલ. ગનંછાલી વિસ્તારમાં બનાવેલા ગેર કાયદેસર ચર્ચો દૂર કરવામાં આવે ત્યારે વિજયનગર તાલુકાના આતરસુબા આશ્રમ વિસ્તાર અને પરોસડા અંતરિયાળ વિસ્તારમાં. બનાવવામાં આવેલા ચર્ચોને દૂર કરવામાં આવે જ્યારે ખેડબ્રહ્મા વિસ્તારમાં ધર્માંતરણ વિરુદ્ધ પ્રવૃત્તિ કરતી બે ઈંગ્લિશ મીડિયમ સ્કૂલો અને પોશીના તાલુકામાં ધર્માંતરણ વિરુદ્ધમાં કામ કરતી સંસ્થાઓની માન્યતા તાત્કાલિક રદ કરવામાં આવે તેમજ ખેડબ્રહ્મા તાલુકા વિસ્તારમાં લોકોને ભરમાવી દસ દસ હજાર રૂપિયા આપી ધર્માંતરણ પ્રવૃત્તિ કરાવતા લોકોને આ વિસ્તારમાંથી તડીપાર અથવા પાસાના કાયદા હેઠળ ધકેલવામાં આવે અને હિન્દુ સામાજિક કાર્યકરને સરકાર પૂરેપૂરું રક્ષણ પૂરું પાડે તેવી માંગ સાથે પ્રાંત કચેરીમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું રામજી મહારાજે જણાવ્યું હતું કે. આ વિસ્તારમાં હિન્દુ સામાજિક કાર્યકરોને ધાક ધમકી આપતા અને ધર્માંતરણ કરાવતા ઈસમો ઉપર સરકાર કાયદાની રુહે પગલાં લે અને ખેડબ્રહ્મા ની અંદર ચાલતી ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં સનાતન ધર્મ વિરુદ્ધમાં પ્રવૃત્તિ કરી રહી છે તેની માન્યતા રદ કરવામાં નહીં આવે નહીં તો વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા આંદોલન છેડવામાં આવશેજ્યારે સંત શ્રી નવલક કિશોર મહારાજે જણાવ્યું હતું કે સનાતન ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કરવું એ દરેક હિન્દુનું કર્તવ્ય છે આપણા વિસ્તારમાં થતી ધર્મ વિરુદ્ધ પ્રવૃત્તિઓ સામે અવાજ ઉઠાવવાની જરૂર પડી છે ત્યારે સમગ્ર સમાજનો એક થઈ આ વિસ્તારમાં ધર્માંતરણ પ્રવૃત્તિ કરતા લોકો સામે અવાજ ઉઠાવેલ સંત શ્રી સમીર ગીરી મહારાજ માણેકનાથ મહંત જણાવ્યું હતું કે આ વિસ્તારના લોકો મહારાણા પ્રતાપના સાથે ખભાએ ખભા મિલાવીને સંસ્કૃતિ માટે લડયા હતા અને સનાતન ધર્મને રક્ષણ કર્યું હતું જરૂર પડે તો સમગ્ર વિસ્તારમાં ફરીથી એક થઈ ધર્માંતરણ પ્રવૃતિ સામે લડવા હાકલ કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં ખેડબ્રહ્મા તાલુકાના અંતરિયાળ વિસ્તારના કાર્યકર્તાઓ ઉમટી પડયા હતા જેમાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ વિભાગના વક્તા રામજી મહારાજ સંત શ્રી નવલકિશોરજી મહારાજ ગુંદેલા હનુમાન મંદિર સંત શ્રી સમીર ગીરી મહારાજ માણેકનાથ મહંત મંત્રી ચેતનભાઈ ધોળું. બજરંગ દળ પ્રમુખ કૌશિકભાઈ રાવલ. ધ્રુવીલભાઈ જોશી. રણજીતભાઈ સગર જયંતીભાઈ પટેલ ગોપીભાઈ ખાંટ અનિલભાઈ. ગીતાબેન પારગી. બકાભાઈ પટેલ. સતિષભાઈ પટેલ યોગેન્દ્રભાઈ ત્રિવેદી લક્ષ્મીપુરા બજરંગ દળ ટીમ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ મંત્રી ચેતનભાઈ પટેલે કરી હતી.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 166**
વિષય :-"મકરસકાંતિ" ઉત્તરાયણ "
શિર્ષક :-"આપણા જીવનની ઉડાન"
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૭૦

જીવનના આ ગગનમાં માનવ,
પતંગ બની લહેરાય છે,
આશાની દોરી બાંધીને માનવ,
સુખ દુઃખના ઠુમકા ખાય છે.

છળ કપટની ઉડાનમાં માનવ,
રંગીન માયાજાળમાં ફસાય છે,
ઈર્ષાની દોરીના ઘર્ષણમાં માનવ,
નફરતનો ભોગ બની ઘવાય છે.

કપાઈને લહેરાતી હવામાં માનવ,
લૂંટફાટમાં તબાહ થઈ જાય છે,
કોઈ પ્રેમાળ દિલમાં વસીને માનવ,
સુખના આશ્રયમાં લહેરાય છે.

રંગબેરંગી આ દુનિયામાં માનવ,
લાલચથી ગગનમાં લહેરાય છે,
ગુમાનની દોરીથી કપાઈ "મુરલી"
જીવનમાં પાયમાલ થઈ જાય છે.

ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષયઃ-"ઉત્તરાયણ-મકરસંક્રાંતિ"★
★શિર્ષક;-"ઉત્તરાયણ મહાપર્વ"★
★પ્રકારઃ- ગદ્ય - શબ્દ;;:૩૪૫★

૧૪ જાન્યુઆરી એટલે મકરસંક્રાંતિ, ઉત્તરાયણનો દિવસ જે એક સામાજિક તહેવાર છે અને આખાય ભારતમાં ઉત્સાહ પૂર્વક ઉજવવામાં આવે છે. લોકો તે દિવસે રંગ-બેરંગી રંગોથી ઘરની સજાવટ કરે છે. ગ્રામીણ વિસ્તારમાં બાળકો ઘરે-ઘરે જઈને ગીતો ગાય અને કેટલાક વિસ્તારોમાં ભોજન પણ માંગવામાં આવે છે.લોકો તે દિવસે ગરીબોને ભોજન અને પશુઓને ઘાસ-ચારાનું નિરણ કરે છે. લોકો તે દિવસે દાન-પુણ્ય કરે છે. એમ માનવામાં આવે છે કે તે દિવસે દાન-પુણ્ય કરવાથી અનેક ગણું ફળ મળે છે.શહેર અને ગામડાઓમાં મેળાઓ યોજાય છે અને મેળાઓમાં વિવિધ પ્રકારના નૃત્યથી લોકોનું મનોરંજન કરવામાં આવે છે. ગામડા કે શહેરમાં લોકો મકાનના ધાબા કે અગાશીમાં ચડીને પતંગો ઉડાડે છે.તે દિવસે તલની,સિંગની,દાળીયાની ચીક્કી ખાવામાં આવે છે.શેરડી અને બોરને ખાતાં ખાતાં લોકો પંતગ ઉડાડવાની મજા માણે છે. ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર જેવા શહેરોમાં લોકો દિવસભર પતંગો ઉડાડે છે અને એ! કપાયો,એ! ગયો,એ! કાપ્યો વગરે અવાજથી ધાબાઓ/અગાશીઓ ગુંજતી રહે છે. દિવસભર આકાશ કપાયેલા અને ઉડતા પતંગોથી છવાયેલું રહે છે. નાના નાના બાળકો હાથમાં મોટા મોટા લાકડા લઈને કપાયેલા પતંગને લૂંટવાની મજા માણે છે. ઘણી વખત આનંદના અતિરેકમાં ધાબા પરથી કે અગાશીમાંથી પડી જવાના અકસ્માતના બનાવો બને છે.

હિંદુ મહાકાવ્ય મહાભારતમાં માઘમેળાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.લોકો એ દિવસે પવિત્ર નદીઓ અથવા સરોવરોમાં સ્નાન કરવા જાય છે અને સૂર્યદેવનો આભાર માનતા સ્નાન કરે છે. દર બાર વર્ષે મકરસંક્રાંતિનાં દિવસથી કુંભમેળાનો પ્રારંભ થાય છે. જે વિશ્વનો સૌથી મોટો મેળો છે અને અંદાજિત ૬૦ થી ૧૦૦ મિલિયન લોકો આ મેળામાં હાજરી આપે છે. આ દિવસે લોકો સૂર્યદેવને પ્રાર્થના કરે છે અને ગંગા અને યમુના નદીના પ્રયાગરાજ સંગમ પર સ્નાન કરે છે. આ પરંપરા આદિ શંકરાચાર્યજીએ શરુ કરી હતી જે પરંપરા રૂપે હજી ચાલી રહી છે.

મકરસંક્રાંતિ એટલે સૂર્યદેવનો દક્ષિણ ગોળાર્ધથી ઉત્તર ગોળાર્ધ તરફનો પ્રવાસ; જેને શુભ સમય માનવામાં આવે છે. મકરનો અર્થ 'મકર' અને સંક્રાંતિનો અર્થ 'સંક્રમણ' થાય છે.લોકમાન્યતા એવી છે કે મકરસંક્રાંતિ પછી જો મૃત્યુ થાય તો એ શુભ માનવામાં આવે છે. મહાભારતમાં પણ ભિષ્મપિતામહે મકરસંક્રાંતિ પછી દેહ ત્યાગ કર્યો હતો તેનો ઉલ્લેખ છે.છે.એકંદરે જોઈએ તો મકરસંક્રાંતિનો દિવસ ધાર્મિક દ્રષ્ટિએ, ખગોળીય દ્રષ્ટિએ,પ્રકૃતિની દ્રષ્ટિએ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ મહત્વ ધરાવતો તહેવાર છે જે દેશના વિવિધ ભાગોમાં વિવિધ સ્વરૂપે ઉજવવામાં આવે છે.

★નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:166**
વિષય :-"મકરસકાંતિ" ઉત્તરાયણ "
શીર્ષક :- આવી મજાની ઉત્તરાયણ !!!
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૫૮

આવી મજાની ઉત્તરાયણ આવી રે,
સાથે પતંગ, દોર, ફિરકી લાવી રે.
આવી મજાની.

આકાશે જામતો સુંદર નજારો,
પતંગ ઉડાડવાની મજા લાવી રે.
આવી મજાની.

જામે છે પેચ કાંઈ રૂડા રૂપાળા,
પતંગ કાપવાની મજા લાવી રે.
આવી મજાની.

નાના મોટેરા સૌ પતંગ ઉડાડે,
પતંગ લૂંટવાની મજા લાવી રે.
આવી મજાની.

ઊંધિયું,જલેબી,તલસાંકળી,
ચીકી ખાવાની મજા લાવી રે.
આવી મજાની.

સાંજ પડે જામે તુક્કલની રમઝટ,
ગુબ્બારા ઉડાડવાની મજા લાવી રે.
આવી મજાની.

મહેશભાઈ રાઠોડ "સ્નેહદીપ"હિંમતનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S:168**
વિષયઃ મકરસંક્રાંતિ
શીર્ષકઃ પતંગોત્સવ
પ્રકારઃ ગધ્ય શબ્દઃ૨૯૦

૧૪ જાન્યુઆરીના રોજ મકરસક્રાંતિ નો તહેવાર ઉજવવામાં આવે છે. તે અબાલવૃદ્ધ સૌનો મનગમતો પ્રિય તહેવાર છે. આજનાં દિવસની મોજ મસ્તી આનંદ કંઈક અલગ જ હોય છે. જે માંણી શકે એ જ જાણી શકે.

તહેવાર ઉજવવા પાછળ કંઈક ને કંઈક આસ્થા અને મર્મ છુપાયેલ હોય છે. આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. તેથી એને 'મકરસંક્રાંતિ' કહે છે. આ દિવસ સૂર્ય ઉત્તર તરફ પ્રયાણ કરતો હોવાથી તેને 'ઉત્તરાયણ' પણ કહે છે.

ચીન થી કોરિયા અને સમગ્ર એશિયામાં તથા ભારતમાં જુદાં જુદાં પ્રકાર ની પતંગો પ્રચલિત થઈ અને સંસ્કૃત ગતિવિધિ પણ સાથે જોડાવા લાગી. અમદાવાદ અને અન્ય શહેરમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ આજે ભવ્ય રીતે મનાવવામાં આવે છે.

દિવાળી પછી તરત જ ઉત્તરાયણ ની તૈયારી શરૂ થઈ જાય છે. બજારમાં રંગબેરંગી પતંગો આવી જાય છે. પતંગ રસીયાઓ એડવાન્સ પતંગ ખરીદીને એડવાન્સ કિન્ના બાંધવા લાગી જાય છે.

આકાશ વહેલી સવારે રંગ બેરંગી પતંગો થી છવાઈ જાય છે. ઠેર ઠેર થી 'કાંટો'-'કાંટો' 'લપેટો'- 'લપેટો' 'ઢીલ-છોડો' 'પકડો'-'પકડો' બૂમો સંભળાય છે. ચગાવવાનું અને લૂંટવામાં રસ પડી જાય છે.

વાહનો સાથે અથડાય છે. ધાબાં ઉપરથી પડી જાય છે. અને મૃત્યુ પણ પામતાં હોય છે. આનંદ સાથે શોકનું પણ વાતાવરણ છવાઈ જાય છે.

સ્પીકરનો ઘોંઘાટ વાતાવરણને ગજવી મૂકે છે. પતંગ રશિયાઓ પતંગ ચગાવવાનો પૂરેપૂરો આનંદ માણે છે.લોકો પોત પોતાનાં ધાબાં ઉપર તેમજ મિત્રોનાં ઘરે જઈ એમનાં ધાબાં ઉપર પતંગ ચગાવવાનો આનંદ કંઈક ઓર લેતાં હોય છે. આ દિવસે ખાવાનો સ્વાદમાં કંઈક ઓર હોય છે.

અલગ અલગ રાજ્યમાં અલગ અલગ રીતે તહેવાર ઉજવવામાં આવતો હોય છે. ઊંધિયું તલનાં લાડું શેરડી બોર અને તલ સાંકળી ખાય છે અને અમુક રાજ્યમાં ખીચડી બનાવી પણ ખીચડી પણ ખાતા હોય છે. ઘરે આવેલ મહેમાનનું પણ આ ખવડાવી સ્વાગત કરતા હોય છે.

રાત્રે ટુકકલ ચગાવે છે. બીજા દિવસે વાસી ઉત્તરાયણ મનાવે છે. આમ મકરસંક્રાંતિ સૌને આનંદ આપનારો તહેવાર છે.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (ઉદયપુર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153** વિષયઃ" ઉત્તરાયણ" "મકરસંક્રાતિ" શીર્ષકઃ"વર્ષ ની શરુઆત-મઝાં ની શરુઆત "
પ્રકારઃગધ્ય. શબ્દોઃ૨૨૦

નવાં વર્ષ ની શરુઆત માં જ મઝાં ની શરુઆત ઉત્તરાયણ થી થાય છે.મને મારી પોળ માં ઉજ્જવેલ ઉત્તરાયણો ની યાદ આવી ગઈ. ઉત્તરાયણ નાં આગલે દિવસ ની રાત્રે પતંગો ની કિન્યા બાંધવા ઘર નાં સૌ અબાલ-વૃધ્ધ બેસી જતાં. ૧૪ મી તારીખે હજી સૂરજ ઉગ્યો પણ ના હોય અને આકાશ માં પતંગ ઉડાડવાં અમે ધાબે ચડી જતાં.અમે પતંગ ચડાવતાં ને પિતાજી અમારી ફિરકી પકડતાં. આવો પિતા-પુત્ર નો પ્રેમ આ જમાનાં માં ભાગ્યે
આભાર - નિહારીકા રવિયા જ જોવાં મળે. ઉત્તરાયણ નો બ્રેકફાસ્ટ, લંચ, હાઈ-ટી અને ડિનર ધાબા પર જ થતું.ઝંડો લઈ ને પતંગ લૂંટવા ની અને રાત્રે તૂક્કલ ચડાવવાં ની મઝાં કાંઈક ઔર જ હતી. કાપો,લૂંટો,ઢીલ જવા દો ની બૂમો પડતી.રાત્રે ફટાકડાં ફોડી ને ગયેલ દિવાળી ને યાદ કરતાં. ઉંધીયું,ફાફડાં,જલેબી,તલ-સીંગ ની ચિક્કી,શેરડી અને બોર ની અંગત માણસો ની સંગતે પંગત બેઠતી.ઘણાં લોકો ધાબે સ્પીકરો મુકી ને નવાં-જુનાં ગીતો વગાડે છે ને આનંદ લૂંટે છે.સૂર્ય નાં મકર રાશી માં પ્રવેશે પોળ ની ચન્દ્રિકાઓ નો ધાબે મન માં પ્રવેશ થઈ જતો.અને મિની મેરેજ બ્યુરો થઈ જતો. મકરસંક્રાન્તિ નાં દિવસે દાન નો મહિમા પણ ઘણો છે.પશુઓને ઘાસચારો,ગરીબો ને ભોજન, કપડાં અને બ્લેન્કેટ આપવાં માં આવે છે.આ દિવસ ઓછો પડતો હોય તેમ ઘણાં વાસી ઉત્તરાયણ પણ ઉજવે છે.

જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSSNO- 382**
વિષય- ' મકરસંક્રાંતિ ' ઉત્તરાયણ
શીર્ષક-પર્વ પાવન ઉત્તરાયણ સજન
પ્રકાર- પદ્ય. શબ્દો- ૧૦૦

પર્વ પાવન ઉત્તરાયણ સજનપ
ઝૂમે તરુ ધરણ
હૂંફ ઢોળે કિરણ
પર્વ પાવન ઉત્તરાયણ સજન
આજ લાગે છે પ્યારું ગગન

ગગન ગોખે, સૂરજની સાખે, વાયા વાયરા પતંગે
ઊગ્યું રે પ્રભાત,ઘેલું ગુજરાત, ઝુમે રે નભ નવરંગે

નગર ચોકે, ઉત્સવ ઉમંગે, જામી ઉત્તરાણ સાચે
કાળા ઘેંસિયા, ગોથ જ મારે, ફૂદી ફાળકે નાચે

દોર પતંગો ને , મલકતાં હૈયાં, ચગે આભલે ઝપાટે
પેચ પતંગોના, છૂપી નજરોના, સરકે મોજ સપાટે

નાનાં મોટેરાં, સૌ કોઈ ઝૂમે, કાપો પોયરાં જ બોલે
લાવો રે ઊંધિયું, ખાઓ તલસાંકળી, માણી મજા સૌ ડોલે

પંખીડાં ઊડે, સંભાળજો હેતે, ના રે થાય આજ કષ્ટ
દે સંદેશા રે, પતંગો સૌને, ઘાયલ જીંદગી જ નષ્ટ

રમેશ પટેલ(આકાશદીપ)/ અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :158**
વિષયઃમકરસંક્રાંતિ
શિર્ષકઃબાળ તણી ચિત્તાચોર
પ્રકારઃ પદ્ય શબ્દોઃ૬૮

બાળકોનો ઉલ્લાસ
રંગબેરંગી પતંગો
હર્ષોલ્લાસ લાવી
મકરસંક્રાંતિ!

હાર જીતની હરીફાઈ
આકાશી નૃત્ય કરતી
દાવ પેચ લાવી
મકરસંક્રાંતિ!

પતંગોની વણઝાર
પરીઓની કતાર
ખુશીનો રણકાર
લાવી મકરસંક્રાંતિ!

જામફળ બોર શેરડી
લાડવા તલસાંકળી? ચીકી
દાનનો મહિમા
લાવી મકરસંક્રાંતિ!.

ઉંચે ઉડતી કપાતી
કાપોની કીકીયારી
લાંબા લાંબા ઝંડા
લાવી મકરસંક્રાંતિ!

આકાશમાં મસ્તીખોર
બાળ તણી ચિત્તાચોર
'પ્રેમ' પ્યારી
મકરસંક્રાંતિ!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 0051**
વિષય : ઉતરાયણ, મકરસંક્રાંતિ
શીર્ષક : ઉતરાયણની મોજ..!
પ્રકાર : પદ્ય - શબ્દો : ૭૩

ઉતરાયણનો પર્વ આવ્યો
આકાશ બન્યું રંગીન
ઉતરાયણની મોજ..!
લહેરોથી ઊડે પતંગ
સ્નેહ કેરી ડોર
ઉતરાયણની મોજ..!
ઘેર ઘેર ઊંધિયું
વાહ ગુજરાતી જમણ
ઊતરાયણની મોજ..!

નામઃ ઉર્વશી મહેતા.અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 205**
વિષયઃ મકરસંક્રાંતિ ઉત્તરાયણ
શિર્ષકઃ સત્ય રૂપી પતંગ
પ્રકારઃ ૫ધ શબ્દો : ૧૫૦

હિન્દુ સંસ્કૃતિ દરેક તહેવાર ની સાથે અડગ રીતે સંકળાયેલી છે
પણ આ યુગ માં સનાતન ની ગરિમા
કીયા જળવાઈ છે
મકરસંક્રાંતિ ના દિવસે મેષ અને મકર રાશિ નું
મિલન થાય છે
અને ભીષ્મ પિતામહ નું ઈશા મુત્યુ નું વરદાન પુરૂ થાય છે
આજ ના દિવસ માં દાન પુણ્ય નો મહીમા વધારે છે
પશુ ઓને બાજરા ની ઘુઘરી અને શ્વાનોને રોટલા અપાય છે
નાના ભુલકાઓ ઓને મમરાના લાડવા શેરડી અને રામબોર અપાય શે
પછી સૌના ઘરે બાસુંદી અને ઊધીયુ મોજ થી ખવાય છે
આજ ના માણસ ની નિતી પતંગ જેવી છે
માણસ ગમે તેટલો ઊંચો જાય પણ તેને
સલકપટ કરી ને નીચે પડાય છે
માણસ ના પતંગ દોરા ની પાછળ
કેટલા અબોલ પક્ષીઓ નો જીવ જાય છે
અરે ઘોર કળયુગમાં આ પથીક ને એક સત્ય રૂપી પતંગ ચલાવવી છે પણ
તેનો દોરો ક્યાંક કપાય જાય છે

: પથીક ઊર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ

"સમર્પણ થાય"

સબંધોમાં મજબૂત સેતું બંધાય તો વિશ્વાસ અર્પણ થાય,
નિરંતર વહેતી લાગણીની સરિતા શુધ્ધ હદયે તર્પણ થાય!

ઋજુતા ભર્યા નિસ્વાર્થ ભાવોએ પરસ્પર થાય અખૂટ પ્રેમ,
લાગણીનો અભાવ માંગણીનો પહાડ તો સદા ઘર્ષણ થાય!

અન્યના અસ્તિત્વમાં ખુદને ઓગાળવાં નથી કંઈ આસાન,
હોય ના ચારિત્ર્યમા આડાશ તો પરસ્પર હૈયાં દર્પણ થાય!

અખૂટ વિશ્રૃવાસ સાથે મહી પ્રજ્વલિત રહે પ્રેમની જયોત,
રૂહે વસી યાદો બને અખંડિત ત્યારે દિલનું સમર્પણ થાય!

પરસ્પર નયનો ટકરાયને ત્યાં જ સ્પંદનો પ્રેમનો પમરાટ કરે,
દિલોનો આવો સંગમ રચાય ત્યારે આત્માનું પદાર્પણ થાય!

સદાય તટસ્થ લાગણીઓને હજુ થોડી પ્રેમથી ઝંઝોળી લો,
પછી આજીવન આલમ સામે ભલે ને પ્રેમનું લોકાર્પણ થાય!

"સ્નેહ"?? (અમદાવાદ)

પપપપપ..

તું! બીજાંનો તારણહાર, બની તો જો!!

દાન આપ્યું, તકતીઓ મુકાવી,
કોઈક બેઘરનું ઘર, વસાવી તો જો!
તું! બીજાંનો તારણહાર, બની તો જો!!

વૃધ્ધાશ્રમ માં, વૃધ્ધો જમાડ્યાં,
ઘર તુટતાં, અટકાવી તો જો!
તું! બીજાંનો તારણહાર, બની તો જો!!

જાતિ સમાનતા નાં, ભાષણો આપ્યાં,
નારી ને નારાયણી, ગણી તો જો!
તું! બીજાંનો તારણહાર, બની તો જો!!

એકતાનાં, કાયમ નારાં લગાવ્યાં,
કોમી રમખાણ થતાં, અટકાવી તો જો!
તું! બીજાંનો તારણહાર, બની તો જો!!

ઈર્ષા, નફરતને પ્રેમથી અપનાવ્યાં,
''ચાહત'' થી સૌને, સ્વીકારી તો જો!
તું! બીજાંનો તારણહાર, બની તો જો!!

'ચાહત'

પપપપપપપપપપપ.

હું અને તું

ઉંમર વીતી ગઈ દોડધામમાં....
હાથથી છૂટી ગયો સમય....
પણ.........

હવે જે રહ્યો સમય તેને છોડવો નથી....
જીવ્યો નથી જે પલ...

મૂકવી નથી હવે એકેય પલ...
પ્રેમ કરીશ તને હું તરબતર...

સાચો એકરાર આજ કરીશ...
ફૂલોની સુવાસ અને વરસાદની ધાર...

સાથે ગરમી ના શરબતની જેમ...
ચાલ જીવી લઈએ મોજ થી...

ફરી એકવાર હું ને તું માંથી થઈએ આપણે.

તોરલ શાહ 'તોશા' (ગાંધીધામ)

....................

ડાયરીમાં સચવાયેલું ફૂલ પૂછે છે,
સૂકાપણાની રંગતમાં સુગંધ ખૂટે છે.

ઘાસની પૂણીએ બેઠું પતંગિયું , સમજી છોડ!
દયા કરતા વાદળો ધાર મેઘની ફૂટે છે.

દીવાલે ધરી કાન સાંભરે પવન આ',
બારણે દસ્તક દેતા એને કોણ કૂટે છે ?

કોમળ સંધ્યા કેસરી પગપાની રંગે આવે,
મંદ મંદ મલક મહીં પીયુ ઊગે છે.

સ્વપ્ર શહેરમાં ખુલતી આંખ, ને મળતી આંખ,
સૌભાગ્ય પત્રિકામાં, ચિ. સંગ નામ ચિ. સૌ. કાં લખી મૂકે છે.

સોગંદ લેવાતી અગ્નિ સાક્ષીએ સાત ફેરે,
આશીષ દેતાં મહાદેવ, મા પાર્વતી, દીકરી પૂજે છે.

જિંદગીની ખાલી જગ્યાનું ઘર ભરેલુ કહું છું હું, અને એ,
આવકારો દઈ આંસુ કહી અનમોલ લૂંછે છે.

?? કિરણ ચોનકર "દિવાની " ધરમપુર

............

શીર્ષક..મારી ચાહ

સંવેદનાઓ ભરી શબ્દોની સફર કરવા ચાહું છું,
કલમની સંગાથે લાગણીની ભેટ ધરવા ચાહું છું.

હતી એટલી ઠાલવી દીધી ઊર્મિઓ કલમના ગજવે,
ટેરવાંના ટેકે ક્ષિતિજ અને આકાશને ફરવા ચાહું છું.

છે દિવ્ય અને અનંત એ સૃષ્ટિ શબ્દોની,ચમકતી સદા,
અગણિત સિતારા શોભે ભલે, હું તો ખરવા ચાહું છું.

છે શબ્દોની આગ કાળઝાળ,સહજતાથી સહન ન થાય,
મેઘ વરસાવી પાંપણેથી, ભીતરથી થોડું ઠરવા ચાહું છું.

શબ્દોના સાગરમાં ડૂબકી મારીને લાગણીના મોતી મળ્યાં,
કિનારે બેસી શું તમાશો જોવો, લહેરો સંગ તરવા ચાહું છું.

મળે એંધાણ પણ ક્યારેક શબ્દો દ્વારા થતાં કત્લેઆમના,
દિલની મ્યાનમાં તલવાર રાખી મલકાય ને મરવા ચાહું છું.

દિપાલી કોઠીયા ' સ્પર્શ ' ગાંધીનગર

પપપપપપ..

વિષયઃ સ્મરણની વેદના

ગમે છે મને તારી યાદોમાં, રોજ સ્મરણ થઈને ઉગવાનું,
રહી ગઈ છુ એક વેદના થઈને, તોય રોજ પાંગરવાનું...!!

ઈચ્છાઓ જાણે કેટલીયે ઘાયલ,ને તોય સજીવન રહેવાનું,
સ્મિત ગૂંથી હરપળ હોઠે, હૈયુ છળેલુ રાખવાનું...!!

કહુ છું, મને તું રાખ અળગી,તારા સ્મરણની અટારીએથી,
કોઠે પડ્યુ મને ય હવે રોજ શમણું થઈ સળગવાનુ..!!

સજાવેલ સ્વપ્ર રાખ અળગા, યાદની સ્મરણ કેડીએથી,
સળગેલા સ્વપ્નના અંગાર તારા રોજ હ્દયને બાળવાનું ...!!

શાને રાખે ભીતર મને,વેદના કેરી ચિતાએ તું,
સપના નવા ગૂંથી લે તું,પામીશ એક નવી આશ તું....!!

ચૈતાલી જોશી 'ચૈત્રી' (અમદાવાદ)

# કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખા મોડાસાની વાર્ષિક જનરલ સભા યોજાઈ



અરવલ્લી

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખા મોડાસાની વર્ષ ૨૦૨૨/૨૩ તથા ૨૦૨૩/૨૪ની વાર્ષિક જનરલ સભા ઊમિયા મંદિરના હોલમાં યોજાઈ. જેમાં અધ્યક્ષ સ્થાને રેડક્રોસના પ્રમુખ અને જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારિક સાહેબ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું તથા વાર્ષિક હિસાબોની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ શ્રી સંજય કેશવાલા સાહેબ (છજીઁ અરવલ્લી), શ્રી હેમલતાબેન પટેલ (સરપંચશ્રી ધનસુરા), શ્રી દિનેશભાઈ પટેલ (પ્રમુખશ્રી ઊમિયા મંદિર) વગેરે મંચસ્થ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનોનું રેડક્રોસ દ્વારા શાલ અને બુકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ચેરમેનશ્રી ભરતભાઈ પરમાર દ્વારા પધારેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી પરિચય આપ્યો હતો તથા રેડક્રોસની વિવિધ કામગીરી વિશે વિગતવાર માહિતી આપી હતી તથા આગામી સમયમાં નવી સેવાકીય પ્રવૃત્તિઓ શરૂ કરવા અને તમામ સભાસદોને સાથ સહકાર આપવા અપીલ કરી હતી. જનરલ સભામાં કારોબારી સભ્યશ્રી જીતેન્દ્રભાઈ અમીનએ ગત જનરલ સભાનું પ્રોસેડિંગ વંચાણે લીધું હતું. ત્યારબાદ ટ્રેઝરરશ્રી વિઠ્ઠલભાઈ પટેલએ વર્ષ ૨૦૨૨/૨૩ અને ૨૦૨૩/૨૪ના વાર્ષિક હિસાબો વંચાણે લીધા હતા. જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. રેડક્રોસ દ્વારા તાલુકાઓમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ રેડક્રોસની ધનસુરા તાલુકા શાખા, માલપુર તાલુકા શાખા, બાયડ તાલુકા શાખા, મેઘરજ તાલુકા શાખા તથા ભિલોડા તાલુકા શાખાને મહેમાનોના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરી કામગીરીને બિરદાવવામાં આવી હતી. તાલુકા શાખાના હોદ્દેદારોએ હાજર રહી સન્માન સ્વીકાર્યું હતું તથા આભાર પ્રગટ કર્યો હતો. ઉપરાંત સરપંચશ્રી - ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા રેડક્રોસ ધનસુરાને સતત સાથ સહકાર આપી સરકારી મકાન અપાવવા બદલ સ્પેશિયલ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રેડક્રોસના કર્મઠ અને નિષ્ઠાવાન કર્મચારીઓની પણ અમૂલ્ય સેવાઓ બિરદાવતા પ્રત્યેકને ૫,૧૧૧/- રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા તેમજ સફાઈ કર્મચારીનું પણ શાલ ઓઢાડી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું. મંચસ્થ મહેમાનોએ પ્રાસંગિક પ્રવચન આપતા રેડક્રોસની વિશિષ્ટ કામગીરી બિરદાવી હતી તથા સતત સાથ સહકાર આપવા જણાવ્યુ હતું. આ પ્રસંગે રેડક્રોસના કારોબારી સભ્યશ્રીઓ અરવિંદભાઈ શ્રીમાળી, શ્રી વનિતાબેન પટેલ, શ્રી કનુભાઈ પટેલ, તાલુકા શાખાના હોદ્દેદારશ્રીઓ, ઊમિયા મંદિરના હોદ્દેદારો, રેડક્રોસના આજીવન સભ્યશ્રીઓ, સ્ટાફગણ વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી જયેન્દ્રભાઈ પંડ્યા અને શ્રી અરવિંદભાઈ શ્રીમાળીએ કર્યું હતું. કાર્યક્રમનું આભાર દર્શન સેક્રેટરીશ્રી રાકેશભાઈ જોષીએ કર્યું હતું. અંતે રાષ્ટ્રગીત ગાઈ ભોજન બાદ કાર્યક્રમ સમાપ્ત થયો હતો.



સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ થરાદ તારીખ ૬ અને તારીખ ૭ જાન્યુઆરી દરમિયાન અત્રેની કોલેજની બહેનોની તથા ભાઈઓની ખોખોની ટીમ તાલુકા કક્ષાએ યોજાયેલ ખેલ મહાકુંભમાં ઓપન કેટેગરીમાં ભાગ લીધો જેમાં ૬ જાન્યુઆરીના રોજ ભાઈઓ ની ટીમ અને ૭ જાન્યુઆરીના રોજ બહેનોની ટીમ તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી અને કોલેજ તેમજ પોતાના પરિવાર અને પોતાના ગામનું નામ રોશન કર્યું છે અત્રેની કોલેજના સિનિયર અધ્યાપક શ્રી જે.સી.ઠાકોર સાહેબના માર્ગદર્શન હેઠળ થોડા સમય પહેલા પણ યુનિવર્સિટી ખાતે પણ ખોખોની ટીમે જવલંત સફળતા મેળવી હતી અને અત્રેની કોલેજમાં રાષ્ટ્રીય કક્ષાએ પણ ખોખોની ખેલાડીઓ ગયેલ હતા. આજે આ ઈવેન્ટ ની અંદર વિજેતા થતા કોલેજ તેમજ કોલેજના વિદ્યાર્થીઓમાં યશ કલગી સ્વરૂપ એક વધારે પીછું ઉમેરાયું છે.



શ્રી શિવ મહાપુરાણ કથાનું ધનુર્માસમાં શ્રીવિશ્વકર્મા મંદિર, મંગલ દિપ સ્કૂલ સામે, નવાવાડજ વિસ્તારમાં મનોદિવ્યાંગ બાળકોના લાભાર્થે સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન ટ્રસ્ટ અને નવજીવન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૨-૧-૨૦૨૫ થી તા.૭-૧-૨૦૨૫ દરમ્યાન દરરોજ બપોર પછી ૨-૦૦ થી ૬-૦૦ સુંદર આયોજન કરેલ છે જેની વ્યાસ પીઠથી શાસ્ત્રી શ્રીભાવેશભાઈ વ્યાસ રાજકોટવાળા કથાનું રસપાન કરાવી રહ્યા છે તેના શ્રવણનો લાભ લેવા ગાયત્રી પરિવાર નારણપુરાના પરિજનો પણ સહભાગી સહયોગી થયા હતા.

# ઉદ્યોગપતિ શ્રી મનસુખ સુવાગિયાએ ૧૧૧ દિવસ ખજૂરીનેસમાં રહી વિશ્વ પ્રેરક "ગોવેદ" લખ્યો

★તારીખ ૨૬ ડિસેમ્બર ના રોજ જામનગર જિલ્લાના સીદસરમાં શ્રી ઉમિયા માતાના શ્રી સવા શતાબ્દી મહોત્સવ નિમિત્તે હાથીની અંબાડી ઉપર લગભગ એક લાખ માણસોની હાજરીમાં "ગોવેદ"ની પોથીયાત્રા કાઢવામાં આવી ને "ગોવેદ"નું પુસ્તક વિમોચન કરવામાં આવ્યું. જેમાં ભારત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી, મત્સ્યપાલન, પશુપાલન તથા ડેરી મંત્રાલય શ્રી પુરુષોત્તમભાઈ ખોડાભાઈ રૂપાલા પણ હાજર રહ્યા હતા.★

★ભારતના ૫૦થી વધુ અને વિશ્વના ૩૦૦ ગોવંશ લુપ્ત થવાના આરે.★

★લુપ્ત થતી ગોવંશની સુરક્ષાનું ધ્યેય અને સમગ્ર વિશ્વની જનતા પૂર્ણ જાતવાન દુધાળ ગોવંશથી સંપન્ન થાય એ જ "ગોવેદ"નો મહામંત્ર.★



★વિશ્વની જનતાને લુપ્ત થતી ગાયોની જાતિથી વાકેફ કરવા ૨૬મી ડિસેમ્બરના રોજ "ગોવેદ" નામના અણમોલ ગ્રંથનું એક લાખ માણસોની હાજરીમાં વિમોચન કરવામાં આવ્યું અને ભારતની જનતાને જાગ્રત કરવામાં આવ્યા.★ ૨૦ મી સદીના અંતે સમગ્ર ભારતના ગૌવંશો લુપ્તતાને આરે ગયા. એટલે કે, દેશી દૂધ ઉત્પાદકતા અને ગુણવત્તાનો નાશ થયો. શ્રી મનસુખ સુવાગીયાએ ગીર, કાંકરેજ ગાય યોજનાથી ગૌ ક્રાંતિ આપી છે. શ્રી મનસુખ સુવાગિયાએ તન, મન અને ધનથી ઘસાઈને કઠોર રાષ્ટ્ર તપ કરીને આ કલ્યાણકારી યોજનાઓના પરિણામ જોઈને સમગ્ર દેશ, સરકાર સેવા, સંસ્થાઓ, ધર્મસ્થાનો કાર્યરત છે. ગુજરાતનું સૌથી મોટું ગણાતું શહેર એટલે કે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં નિકોલમાં આવેલી વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલના ચેરમેન શ્રી ડૉ. સુરેશભાઈ પટેલ, ડાયરેક્ટર શ્રી રાજેશ મહેતા, ભરતભાઈ સવાણી, મેનેજીંગ ડાયરેક્ટર શ્રી જીતુભાઈ સવાણી તથા તેમના સાથી મિત્રો તેમ જ લેખિકા અપેક્ષા શાહ પણ ગૌક્રાંતિ માટે કાર્યરત છે તથા શાળાના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને પણ જાગ્રત કરી રહ્યા છે. "ગોવેદ"ને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં પણ છપાવીને વિશ્વના ૨૦૦ દેશની સરકાર, વિદ્યાપીઠ ધર્મસ્થાનો, વૈજ્ઞાનિકોને પણ મોકલવામાં આવશે. "ગોવેદ"ના જ્ઞાનથી વિશ્વ ગૌવંશ રક્ષાનું જળક્રાંતિ ટ્રસ્ટનું ધ્યેય છે તેવું મનસુખભાઈ સુવાગિયા જણાવે છે.

વધુમાં મનસુખ સુવાગિયાએ જણાવ્યું હતું કે ગૌહિંસા પૃથ્વી ઉપરનું પાપ છે. વધુમાં જણાવ્યું હતું કે, ગાય સકલ વિશ્વના માનવ, ધરતી, જીવસૃષ્ટિ અને પ્રકૃતિનું પોષણ કરે છે, તેથી ગૌરક્ષા વિશ્વધર્મ છે. જે માનવો પ્રકૃતિ અને પરમાત્માના નિયમોનું પાલન કરશે, તેનો વંશ નવી દુનિયાના માનવો હશે અને એ પ્રમાણે ગૌ સંસ્કૃતિનો ઉદય થયો છે.




પવિત્ર તીર્થક્ષેત્ર ડાકોર શ્રી રણછોડરાયજી ધામમાં તા. ૬ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ ના પવિત્ર ધનુર્માસ દરમ્યાન શ્રીમદ્ ભાગવત દશમ્ સ્કંધ પારાયણ નુ આયોજન કર્યું છે.વક્તા વ્યાસપીઠાધીશ વૈષ્ણવાચાર્ય પૂજ્ય કિશોરચંદ્ર શાસ્ત્રીજી બિરાજમાન છે...તે નિમિત્તે તા ૬ જાન્યુઆરી ના રોજ ભવ્ય પોથી યાત્રા અલકાપુરીથી રણછોડરાયજી ના મંદિર થઈને કથા સ્થળ બાજ ખેડાવાળ ની વાડી પહોંચી હતી.કથા શ્રવણ નો લાભ અનેક ભાવિક ભક્તો લઈ રહ્યા છે.આ કથા આયોજનમાં મુખ્ય યજમાનભરતભાઈ ચંપકલાલ તલાટી અને પરિવાર ભરતકુમાર વાડીલાલ શાહ અને પરિવાર કાંતાબેન જયરણછોડભાઈ શાહ અને પરિવાર છે..
આ પ્રસંગે શ્રીકૃષ્ણ જન્મ ઉત્સવ, નંદ મહોત્સવ, રાસોત્સવ, સુદામા ચરિત્ર, રૂક્ષ્મણી વિવાહ જેવા અનેક કાર્યક્રમ નું આયોજન કરેલ છે.સૌ આત્મીય વૈષ્ણવ જન ને કથા નું રસપાન કરવા હાર્દિક આમંત્રણ

## અરવલ્લી જિલ્લામાં કલા મહાકુંભનું ભવ્ય ઉદ્ઘાટન

# અરવલ્લી જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારિકના અધ્યક્ષ સ્થાને મોડાસા ખાતે યોજાયેલ કલા મહાકુંભ-૨૦૨૪-૨૫નું ભવ્ય ઉદ્ઘાટન



અરવલ્લી જિલ્લામાં કલા અને સંસ્કૃતિના રંગોથી છલકાતી એક અનોખી ઉજવણીનો આરંભ થયો છે. જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારિકના અધ્યક્ષ સ્થાને મોડાસા ખાતે યોજાયેલ કલા મહાકુંભ-૨૦૨૪-૨૫નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ રાજ્યના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અરવલ્લી તથા શ્રી કે. એન.શાહ મોડાસા હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહ્યો છે.આ બે દિવસીય કલા મહાકુંભમાં જિલ્લાના કલાકારોએ વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરશે,નૃત્ય, સંગીત, નાટક, ચિત્રકલા સહિતની અનેક કલાઓનું અદભૂત મંચન કરવામાં આવશે..નિષ્ણાત નિર્ણાયકો દ્વારા આ કૃતિઓનું મૂલ્યાંકન કરવામાં આવશે અને વિજેતાઓને ઈનામો આપવામાં આવશે.કલા મહાકુંભ માત્ર એક સ્પર્ધા નહીં પરંતુ કલા અને સંસ્કૃતિનું એક મહાસંગમ બની રહેશે,અહીં કલાકારોએ એકબીજા સાથેના અનુભવો શેર કર્યા અને નવી કલાત્મક પ્રતિભાઓને પ્રોત્સાહન મળ્યું.

જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારિકે કલા મહાકુંભના સફળ આયોજન બદલ તમામ સંસ્થાઓ અને કલાકારોને અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે, આ પ્રકારના કાર્યક્રમો દ્વારા જિલ્લાની કલા અને સંસ્કૃતિને નવી ઉંચાઈએ લઈ જઈ શકાય છે.અને જિલ્લા સાથે રાષ્ટ્રીય કક્ષાએ પણ કલા પહોચે છે અને તેને બિરદાવવામાં આવે છે જેનાથી પ્રતિભા શાળી બાળ કલાકારોને પ્રોત્સાહન મળશે. ખુબજ સુંદર આયોજન થકી તેમની કલા લોકો સુધી પોહચાડવા માટે સરકારશ્રી અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સફળ કોશિશનો ભાગ છે.આ કલા મહાકુંભ દ્વારા અરવલ્લી જિલ્લો કલા અને સંસ્કૃતિના ક્ષેત્રે એક નવો અધ્યાય લખી રહ્યો છે.

## ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સરકારી જમીનો પર કરવામાં આવેલ દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાશે

ગાંધીનગર મહાનગરપાલિકા શહેરમાં ઊભા કરવામાં આવેલ અનધિકૃત દબાણો હટાવવા સતત પ્રયત્નશીલ છે. આ માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સમયાંતરે દબાણ હટાવવાની કાર્યવાહી કરવામાં આવે છે. આ કામગીરી હેઠળ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પાટનગર યોજના વિભાગ સાથે સંયુક્ત રીતે મળી આગામી ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર હેઠળના પાટનગર યોજના વિભાગ તેમજ વનવિભાગની માલિકી હેઠળ આવતી જમીનો પર ઊભા કરવામાં આવેલ અનધિકૃત દબાણો દૂર કરવામાં આવશે. બિન અધિકૃત રીતે ઊભા કરવામાં આવેલા ઝૂંપડાઓ સહિતના દબાણો દુર કરવામાં આવશે.

આ કામગીરી માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧૪૦ જેટલા કર્મચારીઓની ટીમ તૈયાર કરવામાં આવી છે.

## ડાંગ જિલ્લાની ઉત્તર બુનીયાદી આશ્રમ શાળા શિંગાણા ખાતે 'કારકિર્દી માર્ગદર્શન' સેમિનાર યોજાયો

આહવા:

ડાંગ જિલ્લા રોજગાર કચેરી આહવા દ્વારા તારીખ ૦૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સુબીર તાલુકામાં આવેલ ઉત્તર બુનીયાદી આશ્રમ શાળા શિંગાણા ખાતે 'કારકિર્દી માર્ગદર્શન' સેમિનાર યોજાયો હતો.



ડાંગ જિલ્લા રોજગાર કચેરીના યંગ પ્રોફેશનલ શ્રી જેડ.એફ.રાજ તેમજ કેરીયર કાઉન્સેલર શ્રી જયેશભાઈ થોરાટ, સુ.શ્રી જ્યોતિબેન પટેલ અને સુ.શ્રી કિંજલબેન ચૌધરી દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓ માટે એક 'કારકિર્દી માર્ગદર્શન' સેમીનારનું આયોજન કરવામા આવ્યું હતું.જેમા જિલ્લા રોજગાર કચેરીની કામગીરી જેમાં, નામ નોધણી, રોજગાર ભરતી મેળા, સ્વરોજગાર શિબીર, ધોરણ – ૧૦ અને ૧૨ પછીના વિવિધ કેરીયર અંગેના વિકલ્પો, લશ્કરી ભરતી પૂર્વેની નિવાસી તાલીમ યોજના, અગ્નીવીર યોજના, વોકેશનલ ગાઈડન્સ અને કેરિયર કોર્નર યોજના, અનુબંધમ પોર્ટલ /એન.સી.એસ રોજગારલક્ષી પોર્ટલમા નામ નોધણી, અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સરકારશ્રી દ્વારા ચાલતી યોજનાંઓ વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ સેમિનારમાં શાળાના આચાર્યશ્રી અમીતાબેન ગામીત, ૮૦ જેટલા વિદ્યાર્થીઓ અને શાળાના કર્મચારીઓએ ભાગ લીધો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.